# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-01 તા.19-08-2021

## આજે કેન્દ્રીય મત્સ્ય પાલન,પશુપાલન અને ડેરી ઉદ્યોગના મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાની જન આશિર્વાદ યાત્રાનો પ્રારંભ થયો

---

## ડેરી સેકટરને મજબૂત કરવા માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 20 હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું- શ્રી પરશોત્તમ રૂપાલા

---

## કોરોનાની શરૂઆતમાં આપણી પાસે માત્રે એક લેબોરેટરી હતી જયારે આજે 2 હજાર કરતા વધુ લેબ બનાવી શકયા છીએ- શ્રી પરશોત્તમ રૂપાલા

---

## ગુજરાતમાં 4 કરોડ લોકોને રસી આપવામાં આવી છે. સમગ્ર દેશની અંદર 55 કરોડને રસી આપવામાં આવી- શ્રી પરશોત્તમ રૂપાલા

## આજે કોરોનાની રસીનો વિરોધ કરનારા શોધ્યા નથી જડતા - શ્રી પરશોત્તમ રૂપાલા

---

## ખેડૂતોને પહેલા 18 ટકા વ્યાજે પાક ધિરાણ મળતું અને આજે ગુજરાતના ખેડૂતને 0 ટકે પાક ધિરાણ મળે છે- - શ્રી પરશોત્તમ રૂપાલા

---

શ્રી પરશોત્તમ રૂપાલાજીએ મેહસાણા સર્કીટ હાઉસ ખાતે પ્રેસને સંબોધન કરતા જણાવ્યું કે... મહેસાણા એ આપણું ઉત્તર ગુજરાતનું પાટનગર કહી શકાય એ પ્રકારનું હેડ કોવોટર છે. ખુબ ઉમળકા ભેર લોકોએ જન આશિર્વાદ યાત્રાને આવકાર આપ્યો એ માટે કેન્દ્રીય મત્સ્ય પાલન,પશુપાલન અને ડેરી ઉદ્યોગના મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી ઉત્તર ગુજરાતના સમસ્તત કાર્યકરોનો આભાર માન્યો હતો. મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજીએ ખાસ કરીને મહેસાણા જીલ્લાની અમારી ટીમ એનો વિશેષ આભાર માન્યો સાથે કોવિડ પ્રોટોકોલનો પ્રમાણીક રીતે પાલન થાય તેનો પ્રયાસ કર્યો તે બદલ કાર્યકરોનો આભાર વ્યકત કર્યો.

ભારતીય જનતા પાર્ટીની કેનદ્રની સરકારના એક મંત્રી તરીકે અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના આયોજનના ભાગ રૂપે આપ સૌ સમક્ષ મારે જે વાતો શેર કરવી છે. તેમાં મહેસાણા જીલ્લાને એક મહત્વની વાત કહેતા જણાવ્યું કે મહેસાણી જીલ્લાના સપુત તરીકે નરેન્દ્રભાઇ મોદી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. અને વિશ્વ નેતા તરીકે ઉભરી રહ્યા છે. અને ભારતની પ્રતિષ્ઠાએ વિશ્વમાં પ્રસ્થાપિત કરી રહ્યા છે તે આપણા સૌ માટે ગૌરવ અને આંનદનો વિષય છે. ભારતીય જનતા પાર્ટીનો જયારે સંપુર્ણ રકાસ થયો હતો અને માત્ર 2 જ સિટ આખા દેશમાં ચૂંટાઇ હતી તે વખતે ભારતીય

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

જનતા પાર્ટી ના ઝંડાને ઉભુ રાખવાનું કામ મહેસાણાની ધરતીએ એક કે પટેલના રૂપમાં કર્યું તે માટે તેમનો આજે મહેસાણા આવ્યો છું એટલે યાદ કરુ છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની સરકારે 370ની કલમ રદ કરી. કાશ્મીરની અંદરની પરિસ્થિતિનો સામનો કરવા જે પ્રયાસો થયા, ભારતની સુરક્ષાને લઇ જે નિર્ણયો થયા ,આપણી સૈન્યનું મનોબળ વધારવા જે નિર્ણયો થયા આવા અંસખ્ય નિર્ણયો રાજકીય ઇચ્છાશક્તિને કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યા.

શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે MSP અંગેનો નિર્ણય પણ સરકારે કર્યો અને MSP રાજય સરકાર સાથે મળી છેવાડા ના ખેડૂત સુધી પહોંચે તેવા પ્રયાસો થયા છે. ખેડૂતોને મજબૂત કરવા અને તેમની જિંદગીમાં સુધારા આવે તે માટે કેટલીય યોજનાઓ સરકારે જાહેર કરી છે. જેમાં સુજ્જલામ સુફલામ અંગે થતા ફાયદા જણાવ્યા હતા. બનાસકાંઠાનો ખેડૂત સૌથી વધુ દાડમ ઉત્પાદન કરવાનો એવોર્ડ લેવા દિલ્લીમાં કોઇ કૃષી મેળામાં મળે તેવી ઘટનાઓના સાક્ષી થવાનો અવસર મળ્યો છે. મહેસાણા,બનાસકાંઠા અને સાબરકાંઠા સહિત આખો ઉત્તર ગુજરાત ખેતી સાથે પશુપાલન સાથે સંકળાયેલો છે. ત્રણેય જીલ્લાઓની ડેરીઓ ખૂબ ઉમદા અને ઉત્તમ પ્રકારનું કામ કરી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. ડેરી સેકટરને મજબૂત કરવા માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 20 હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું. અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેતીને મજબૂત કરવા ઘણા કામો કર્યા છે. ખેડૂતોને કેસીસી મળે છે. ખેડૂતો પહેલા 18 ટકા વ્યાજે પાક ધિરાણ લેતા હતા. અને આજે ગુજરાતના ખેડૂતને 0 ટકે પાક ધિરાણ મળેછે તેના માટે રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇનો આભાર માન્યો , સાથે પશુપાલકોને પણ ખેડૂતોની જેમ કેસીસી મળે છે. જે ગુજરાત સહિત દેશના પશુપાલકો માટે ઐતિહાસીક નિર્ણય છે. ખેતી પછી પશુપાલકે ક્ષેત્રે વધુ રોજગારી મળી રહે છે.સાથે મતસ્ય પાલકોને પણ કેસીસી નો લાભ મળે છે. સમુદ્ર ખેડૂતો પણ હવે કેસીસી લાભ મળે તેવો નિર્ણય આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યો છે. અને આની અસર ગ્રામ્ય જીવન ઉપર અસર થવાની છે. અને આ વાત આ યોજનાને છેવાડાના માનવી સુધી લઇ જવાની છે તેનો આગ્રહ કર્યો.

શ્રીપરશોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે દેશની અંદર પાક લીધા પછી ગોડાઉન, ટ્રાન્સપોર્ટેશન, કોલ્ડ સ્ટોરેજના અભાવે મુખ્ય પાકો સહિત ફળ ફળાદી જેવા પાકોનું મોટુ નુકશાન થતું હતું ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટી માટે એક લાખ કરોડ રૂપિયાનું એગ્રી ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડનું સર્જન આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું.

શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે કોરોનાના કપરા કાળમાથી આપણે પસાર થયા ,કોરોના કાળમાં રાજય સરકારની કામગીરીના વખાણ કરી અભિનંદન પાઠવ્યા.કોરોનાના કપરા કાળમાં લોકોને સુરક્ષીત રાખવા જે રીતે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે સારી કામગીરી કરી છે. કોરોનાની શરૂઆતમાં તો આપણી પાસે ટેસ્ટ માટે પણ લેબોરેટરી ન હતી શરૂઆતમાં માત્રે એક લેબોરેટરી હતી. એની બદલે આજે 2 હજાર કરતા વધુ લેબ બનાવી શકયા

પીપીઇ કીટ પણ આજે જોઇએ એટલી બનાવી શકાય છે અને અન્ય દેશને પણ સપ્લાય કરી શકીએ છીએ. આપણી એરલાઇન્સે એર ઇન્ડિયાના સંચાલકોએ 100 કરતા વધુ દેશોમાં જીવન રક્ષક દવાઓ પહોચાડવાનું પરાક્રમ કર્યું છે. આ કારણે દુનિયામાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ એવી શાખ ઉભી કરી કે સંકટ સમયે માત્ર

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારત જ મદદ કરી શકે તેવી છાપ ઉભી થઇ .અને ગલ્ફ જેવા દેશોએ આપણને ઓક્સિજનની જરૂરિયાત હતી ત્યારે આપણા દેશને મદદ કરી.

શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજીએ વધુમાં જણાવ્યું કે ગુજરાતમાં **4** કરોડ લોકોને રસી આપવામાં આવી છે. સમગ્ર દેશની અંદર **55** કરોડના આંકડાને આંબી ગયા છે. વિરોધીઓની ટીકા કરવામાં મને રસ નથી. અને લોકોને અપીલ કરી કે જેમણે પણ હજી રસી ન લીધી હોય તે કોરોના સામેની રસી વહેલા  સર લઇ લે. અને મારુ સૌભાગ્ય છે કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મંત્રીમંડળમાં કામ કરવાનો અવસર મળ્યો છે. અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સર્વે સમાજને સાથે રાખી આપણને સૌને સાથી રાખી ગુજરાતનો અવાજ મજબૂત કરવાની તક આપી છે. રાજયની જનતા વતી હુ સાહેબનો અભાર માન્યો .

આ કાર્યક્રમમાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, મહેસાણાના સાંસદશ્રી શારદાબેન પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ તેમજ પ્રદેશના પદાધિકારીઓ તથા જિલ્લા/મહાનગરના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**